Vol. No. 02 Issue No. 8 August 2016 Price 30/-

# હાદી
માસિક

બાળકો અને નવયુવાનો માટે

ઝિલકાદ, હિજરી સન ૧૪૩૭

ઓગસ્ટ – ૨૦૧૬

**અંક-૮**



બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

આ ‘‘હાદી માસિક’’ની આઠ વરસની સફર પૂરી થવાની તૈયારીમાં છે તેમાં પરવરદિગારે આલમની દયા-કૃપા અને હઝરતે માઅસૂમીન (અ.સ.)ની પણ કૃપા દ્રષ્ટિ સામેલ રહી છે; નહીં તો અદ્રશ્ય સહાયતા વગર આ કાર્ય શક્ય જ નહોતું અને સાથે અસંખ્ય મોઅમેનીનના સહકારે આ કાર્યને આસાન કરી દીધું. ઘણાં મોઅમેનીન ભાઈઓએ અમને પ્રોત્સાહિત કર્યા, સભ્યો બનાવ્યાં, આર્થિક સહાયતા કરી - અમે એ તમામ લોકોના હૃદયપૂર્વક આભારી છીએ.

વહાલા બાળકો! દિવસો - માસ - વરસ કેટલા ઝડપથી પસાર થઈ જાય છે કે આપણને તેનો ખ્યાલ પણ આવતો નથી અને સમય પસાર થઈ જાય છે. આપણે પોતાના સમયનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવો જ જોઈએ કેમકે પસાર થઈ ગએલો સમય કદી પાછો મળતો નથી.

વહાલા બાળકો! આ માસમાં ઈમામતના સિલસિલાની આઠમી કડીની વિલાદત અને શહાદત બંને છે. આપણે વિલાદતની ખુશાલીમાં ખુશીની મહેફીલ અને શહાદતના શોકમાં અઝાદારીની મજલિસમાં જવાનું ભૂલવું જોઈએ નહીં.

ઋતુમાં પણ ફેરફારો થઈ રહ્યાં છે. ઋતુમાં ફેરફારો આરોગ્યની દ્રષ્ટિએ ઘણાં મહત્વના હોય છે, તેથી ઋતુના આ ફેરફારોમાં આપણે દરેક પ્રકારે સુરક્ષાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

તમે જે રીતે વિતેલાં વરસોમાં અમારી સહાયતા કરી છે તે રીતે જ આગળ પણ પેઈન્ટીંગ - પત્રો - પોતાના રિઝલ્ટ અને ફોટા મોકલીને અમારી સહાયતા કરવાનો સિલસિલો ચાલુ જ રાખજો.

અને મોઅમેનીનથી ગુઝારિશ છે કે તેઓ પણ આ દીની કાર્ય આગળ વધારવામાં પૂરેપૂરી સહાયતા ચાલુ રાખે.

અજરોકુમ અલલ્લાહ.

વસ્સલામ

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

**મુખ્ય તંત્રી :**

સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

**કાર્યવાહક તંત્રી :**

સૈયદ મોહમ્મદ અફ્સર

સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

**સહાયકો :**

અહમદ રેઝા ઝુરારહ

તાલીમ રેઝા અજમેરી

એહસાન અલી રિઝવી

**અનુવાદક :**

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી આઈ. એ. એસ (નિવૃત્ત)

**શુષોભન :**

*Heb Grafix* મોહમ્મદ તાહીર

9898937633 E-mail: smtahir202@gmail.com

**ટુરીંગ એજન્ટ :**

સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો:

| | |
|---|---|
| **અમદાવાદઃ** | (૧) શબ્બીર ભાઈ નુરાની, ફોનઃ ૯૩૭૬૧૬૮૩૦૬ |
| | (૨) મૌલાના ઝફરુલ હસન, ફોનઃ ૯૩૨૭૫૩૬૬૩૮ |
| | (૩) ઝાકીર ભાઈ મોમીન, ફોનઃ ૯૩૨૭૦૪૧૩૧૪ |
| **ભાવનગરઃ** | મુસ્તાકભાઈ વિરાણી, ફોનઃ ૯૮૨૪૫૩૮૧૧૪ |
| **મહુવાઃ** | મહેદીરઝા એમ. બંભોરા, ફોનઃ ૯૯૨૪૩૨૭૨૨૭ |
| **કાણોદરઃ** | નૌશાદભાઈ, જાફરી ચેનલ, ફોનઃ ૯૯૯૮૭૭૩૬૧૧ |
| **મેતાઃ** | મોહસીનભાઈ કડીવાલ, ફોનઃ ૯૮૯૮૩૬૯૦૮૯ |
| **ભરૂચઃ** | મુશ્તાકઅલી પાનવાલા, ફોનઃ ૯૮૨૪૨૪૩૦૫૧ |
| **ધોળકાઃ** | કમરઅલી મોમીન |
| **અંજારઃ** | રફીકભાઈ ખોજા, ફોનઃ ૯૯૨૫૩૧૮૬૨૧ |
| **રૂસ્તમપૂરાઃ** | સૈયદ આશીક હુસૈન, ફોનઃ ૯૮૨૪૧૧૯૩૭૨ |
| **રાજૂલાઃ** | મૌલાના હસન મહેદી, ફોનઃ ૯૯૦૪૧૪૬૧૧૦ |
| **સેલવાસાઃ** | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી, ફોનઃ ૯૮૨૫૯૯૯૯૭૮ |
| **સિહોરઃ** | હસનઅલી વજીરઅલી વસાયા, ફોનઃ ૯૮૭૯૯૬૯૮૬૮ |
| **કચ્છઃ** | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર, ફોનઃ ૯૮૨૪૨૧૬૪૭૦ |
| **ડેડીયાપાડાઃ** | રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી, ફોનઃ ૯૪૨૭૧૭૫૨૩૧ |

**ખાસ નોંધ:** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## વિગતો માટે સંપર્ક :


હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટ્વા, અમદાવાદ, ગુજરાત, ભારત

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

PHONE NO: 079-25892786, 94266 78614, 70969 21472, 97247 37865


**વાર્ષિક લવાજમ: રૂપિયા ૩૦૦/–**

# અહલેબૈત અ.સ. સાથે હૃદયમાં પ્રેમભાવ પેદા કરવાના ઉપાયો

(ગતાંકથી ચાલૂ)

**૧૧. નેઅમતો આપનારનો પરિચય કરાવો:**

કોઈ આપણાં ઉપર ઉપકાર કરે અથવા આપણી સાથે સારો વર્તાવ કરી સારા સંબંધ રાખે ત્યારે આપણાં મનમાં પણ તેના માટે પ્રેમ ઉભરાય છે. ખુદાવન્દે આલમે હઝરત મૂસા અ.સ. ઉપર વહી ફરમાવી કે મારી સાથે પ્રેમ કેળવો અને લોકોના મનમાં પણ મારા પ્રત્યેના પ્રેમનું સિંચન કરો. હઝરત મૂસા અ.સ. એ પુછ્યું કે હે મારા અલ્લાહ! હું પોતે તો તારી સાથે પ્રેમ કરૂં જ છું, પરંતુ લોકોના મનમાં (તારા પ્રત્યેનો પ્રેમ) કેવી રીતે ઉત્પન્ન કરૂં? ખુદાવન્દે આલમે વહી ફરમાવી કે તેમને મારી નેઅમતો, તેમના ઉપરની મારી દયા-કૃપા યાદ દેવડાવો. (બિહારૂલ અનવાર, ભાગ ૧૩, પા ૩૫૧, તથા ભાગ ૬૯, પા ૨૨)

અઈમ્મએ તાહેરીન અ.સ. તરફથી આપણને પ્રાપ્ત થાય છે તે નેઅમતો અને ફાયદાઓનું વર્ણન, તેમના આપણાં ઉપરના ઉપકારોનું વર્ણન, તેમની આપણી સાથેની નેકીઓનું વર્ણન એવી બાબતો છે કે તેના વારંવારના વર્ણનને કારણે, આ બાબતો વારંવાર યાદ કરતાં રહેવાને કારણે તેમના પ્રત્યેનો પ્રેમ સ્વમેળે-પોતાની મેળે જ આપણા મનમાં ઉભરાઈ શકે છે.

આ એવી વ્યક્તિઓ છે જેના કારણે અલ્લાહની દયા-કૃપા આપણાં સુધી પહોંચે છે. આ પવિત્ર વસીલાઓ થકી જ આપણી યાચનાઓ અલ્લાહની બારગાહમાં સ્વીકૃત થાય છે. આ પવિત્ર વ્યક્તિઓ જ આપણાં માર્ગદર્શકો- આગેવાનો અને દોરવણી આપનારાઓ છે. તેમના થકી જ આપણે તવહીદ, સત્યના માર્ગ અને સીધા રસ્તા ઉપર છીએ. આ વ્યક્તિઓ જ આપણને નેઅમતો આપનાર અને આપણાં ઉપર ઉપકાર કરનારાઓ છે. તેમના તરફથી પ્રાપ્ત થએલ નેઅમતો પ્રત્યે લક્ષ દોરવાથી- તે દયા-કૃપા કરનારાઓ કોણ છે તે જાણવા- તેમને ઓળખવાથી તેમના પ્રત્યે મનમાં પ્રેમ અને આદરભાવનું સિંચન થાય છે.

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ અહલેબૈત અ.સ. સંબંધે ફરમાવ્યું છે કે: ‘‘જો તેઓ ન હોત તો (લોકો) ખુદાવન્દે આલમને ઓળખી શકયાં જ ન હોત.’’

ઝિયારતે જામેઆમાં અઈમ્મએ તાહેરીન અ.સ. ના દયા-કૃપા પ્રદાન કરનારા સદ્ચારિત્ર વિષે આ રીતે ઉલ્લેખ છે કે: ‘‘ખુદાએ આપના થકી જ આ સૃષ્ટિ (ના સર્જન)નો પ્રારંભ કર્યો છે અને તેનો અંત પણ આપના થકી જ લાવશે. આપના પુણ્ય પ્રતાપે જ વરસાદ થાય છે અને આપના થકી જ આકાશ અને પૃથ્વી પોતાના સ્થાને ટકેલાં છે.’’

માર્ગદર્શન-ઉપદેશ દીનના શિક્ષણ અને સ્પષ્ટીકરણની બાબતોમાં અઈમ્મએ માઅસૂમીન અ.સ. ના સંબંધે આ ઝિયારતમાં છે કે આપની વિલાયતના પુણ્ય પ્રતાપે જ મેં ખુદાથી દીનનું જ્ઞાન-શિક્ષણ મેળવ્યું છે અને (આપના થકી જ) મારા બગડી ગએલાં કાર્યો સુધરી ગયાં છે. આપની વિલાયત થકી જ "કલમો" સંપૂર્ણ થયો છે. નેઅમતોમાં વૃધ્ધિ થઈ છે, દુઃખ અને અજંપો, પ્રેમ અને શાંતિમાં ફેરવાઈ ગયાં અને આપની વિલાયત થકી જ વાજિબ આઅમાલ ખુદાની બારગાહમાં કબૂલ થાય છે. અહલેબૈત આપણા દીનના શિક્ષક, ઉપદેશના ગુરૂ અને જીવનના માર્ગદર્શક છે. આપણને તો ખુદા અને ઈસ્લામ તેમના થકી જ મળેલ છે અને આ બાબતે આપણે તેમના દેવાદાર (આભારવશ) છીએ. આપણે આ નેઅમત અને ઉપકાર માટે અલ્લાહનો પાડ માનવો જોઈએ અને આ કુટુંબ સાથે પ્રેમ કરવો જોઈએ.

આપણે આ કુટુંબને ખરા અર્થમાં ઓળખીએ અને તેમના પ્રેમથી આપણાં મનને છલકાવી દઈએ, તે પોતે જ સ્વયં એક અત્યંત મહાન નેઅમત છે.

અઈમ્મએ (અ.સ.) પોતે પણ વિવિધ જગ્યાએ અને જુદી-જુદી રીતે પોતાના મિત્રો અને ચાહકોને આ અદ્વિતીય નેઅમતની મહાનતા અને તેના ગુણાંનુંગાન પ્રત્યે લક્ષ દોર્યું છે અને આને એક મહાન સંપત્તિ ગણાવી છે.

***૧૨. અહલેબૈત અ.સ.ના મહાન ગુણો (ફઝાઈલ) અને તેમના ઉપદેશોનું વર્ણન કરવું:***

અઈમ્મા અ.સ.ની હદીસોમાં જ્ઞાનની ઘણી વાતો અને જ્ઞાનના રહસ્યો સમાએલાં છે. આ બાબતો સમાજના દરેક વર્ગને સ્પર્શતી હોય તેવી છે; જેમાં અન્યો સાથે બાળકો- નવ યુવાનો અને યુવાનોને સ્પર્શતી બાબતોનો પણ સમાવેશ થએલ છે. તેથી યુવાનો અને નવ યુવાનોના મનમાં માઅસૂમીન અ.સ. પ્રત્યેનો પ્રેમ ઉત્પન્ન થાય તે માટે સંબંધિત વ્યક્તિને લક્ષમાં રાખીને તે પ્રમાણે ચુંટી કાઢીને માઅસૂમીન અ.સ.ની વાણીના અંશોનું તેની સમક્ષ વર્ણન કરીએ તેથી જ ઈમામ રિઝા અ.સ. એ પોતાની એક હદીસમાં ફરમાવ્યું છે કે: ''જ્યારે લોકો અમારી વાણીની વિશિષ્ટતાઓ અને ખુબીઓથી વાકેફ થશે ત્યારે જ અમારૂં અનુકરણ કરશે.''

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ પોતાના ''મુદરિક બિન મહેઝિયાર'' નામી સહાબીને ફરમાવ્યું હતું કે: ''હે મુદરિક! અમારા મિત્રોને મારા સલામ કહેજો અને તેમને કહેજો કે તે વ્યક્તિ ઉપર ખુદાની દયા-કૃપા હજો જે લોકોના હૃદયને- લાગણીઓને અમારા પ્રત્યે આકર્ષિત કરે અને અમારા એવા બોધવચનો એમને સંભળાવે જે તેઓ સમજે અને સ્વીકાર કરે.'' (બિહારૂલ અનવાર, ભાગ ૨, પાન નં ૬૮)

આપણાં પ્રયાસો એવા હોવા જોઈએ કે યુવાનો અને નવયુવાનો અહલેબૈત અ.સ.ની વાણી-ઉપદેશો સમજે અને તેના માધુર્યનો સ્વાદ લે. આપના ડહાપણભર્યા અને બુધ્ધિમય ઉપદેશોના ઉંડાણ સુધી પહોંચે, જેથી કરીને તે ઉપદેશોને કારણે તેમના મનમાં આ મહાન વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ-આદર અને અહોભાવ ઉત્પન્ન થાય. આ અંગે અઈમ્મા અ.સ.ના સરળ બોધવચનો, તેનું મનોરમ્ય ભાષાંતર, તે પૈકી ઉપયોગી વિષયોની પસંદગી અને સુંદર-સુરમ્ય પ્રકાશન અસરકારક નીવડશે.

***૧૩. પોતાની રોજિંદી ખુશીઓને અઈમ્મા અ.સ.ના જીવન સાથે સાંકળી લેવી:***

કોઈ પણ વસ્તુથી પ્રસન્ન થવાથી તે વસ્તુ પ્રત્યે મનમાં પ્રેમભાવ પણ જન્મે છે. પ્રયત્ન એવો કરવો જોઈએ કે અહલેબૈત અ.સ.નું વ્યક્તિત્વ, તેમની યાદ, તેમનું વર્ણન, તેમની મહેફિલો અને મજલિસો બાળકોના મનમાં એક પ્રસન્નતા દાયક સ્મરણ તરીકે સુરક્ષિત રહે; તેથી આપણે એવી રીતે વર્તન કરવું જોઈએ - એવી રીતે કાર્યો કરવા જોઈએ કે આપણાં બાળકો જ્યારે કોઈ વસ્તુને જુએ- કોઈ યાદગારને જુએ- તો તરતજ તેમના મનમાં તેનો અહલેબૈત અ.સ. સાથેનો સંબંધ ઉપસી આવે-તાજો થઈ જાય. માઅસૂમીન અ.સ.ના વિલાદત (પુણ્યશાળી જન્મ)ના દિવસે મેળાવડાનું આયોજન કરવું, ખુશાલી મનાવવી, બાળકોને મિઠાઈ

વહેંચવી, તેમને ‘‘ઈદી’’ અને ભેટ-સોગાદ આપવી - તેનાથી ધાર્યા પરિણામો મેળવી શકાય છે.

રસૂલે ખુદા સ.અ.વ. નો ઈર્શાદ છે કેઃ ‘‘ભેટ-સોગાદ પ્રેમભાવ પ્રગટાવે છે.’’ (બિહારૂલ અનવાર, ભાગ ૭૪, પાન નં ૧૬૬)

જો આ ભેટ-સોગાદ અહલેબૈતે અત્હાર અ.સ. સાથે સંકળાએલી હોય તો સ્વાભાવિક છે કે તેના પરિણામે તેમના પ્રત્યે મનમાં પ્રેમભાવ અવશ્ય ઉત્પન્ન થશે જ.

***૧૪. પ્રેમ ઓછો થાય તેવી બાબતોનો ત્યાગઃ***

પ્રેમભાવ ઉત્પન્ન કરનાર કાર્યોથી લાભ લેવાની સાથે ધિક્કારની લાગણી ઉત્પન્ન થાય તેવા કાર્યોનો ત્યાગ પણ જરૂરી ગણાય. કેટલીક વખત એવી કેટલીક ચેષ્ઠાઓ, શબ્દો, કાર્યક્રમો અને રીતભાત પ્રેમનો સંબંધ સ્થાપિત થવા દેતાં નથી અને નકારાત્મક અસર પેદા કરે છે અને લોકો તેના કારણે આવી પ્રવૃત્તિથી અંતર રાખતાં થઈ જાય છે. આવી બાબતોનું ધ્યાન, ખાસ કરીને શોકના દિવસો (અય્યામે અઝા)ની મજલિસો, મેહફિલો વગેરેમાં રાખવું જોઈએ. એટલે કે એવું કોઈ પણ કાર્ય કરવું જોઈએ નહીં. તેમ જ એવી કોઈ પણ રીત રસ્મ અપનાવવી જોઈએ નહીં, જેનાથી લોકોના મનમાં અહલેબૈત અ.સ. પ્રત્યે નફરત અને અણગમો ઉત્પન્ન થાય; જે લોકોને અહલેબૈત અ.સ.ની વિચારસરણીની સમીપ આવવામાં અવરોધક બને.

# હઝરત ફાતિમા માઅસૂમા

## સલામુલ્લાહ અલેય્હા

આપનું પવિત્ર નામ "ફાતિમા" અને સૌથી પ્રસિધ્ધ ઉપનામ "માઅસૂમા" છે. આપના મહાન પિતા સાતમા ઈમામ હઝરત મૂસા કાઝિમ અ.સ. અને મહાન માતા હઝરત નજમા ખાતૂન છે. આપ (હઝરત નજમા ખાતૂન) ઈમામ રિઝા અ.સ.ના પણ મહાન માતા છે. તે રીતે હઝરત માઅસૂમા સલા. અને ઈમામ રિઝા અ.સ. બંને એક માતાથી અને સગા ભાઈ-બહેન છે.

આપનો પુણ્યશાળી જન્મ પ્રથમ ઝિલ્કાઅદ હિ.સ. ૧૭૩ના દિવસે મદીના મુનવ્વરામાં થયો હતો. પોતાના બાળપણમાં જ પોતાના મહાન પિતાની શહાદતની મુસીબત વેઠવી પડી હતી અને તે પછી આપનો ઉછેર પોતાના ભાઈ ઈમામ રિઝા અ.સ.ની છત્રછાયામાં થયો હતો.

સન ૨૦૦ હિજરીમાં ઈમામ રિઝા અ.સ.ને મામૂન અબ્બાસીની દુરાગ્રહભરી ધમકીને કારણે મદીના મુનવ્વરાથી "મરવ" સ્થળાંતર કરવું પડયું હતું અને આપ પોતાના કોઈ સગા સંબંધીને સાથે લીધા વગર એકલાં જ ખુરાસાન ચાલ્યાં ગયાં હતાં.

પોતાના ભાઈની હિજરત (સ્થળાંતર)ના એક વરસ પછી હઝરત માઅસૂમા સલા.એ પણ પોતાના ભાઈના દર્શનની અભિલાષા લઈને તથા જનાબ ઝૈનબ સલા.ના અનુકરણમાં લોકોમાં રિસાલત અને વિલાયતના સંદેશાના પ્રચાર પ્રસાર અર્થે - આમ બેવડા ધ્યેય સાથે ખુરાસાનની દિશામાં પ્રયાણ કર્યું.

આપ જે નગર-ગામ અથવા મોહલ્લામાંથી પસાર થતાં હતાં ત્યાં લોકો આપના સ્વાગત માટે ઉમટી પડતાં હતાં અને ત્યાં પોતાના કાકી જનાબ ઝૈનબ બિન્તે અલી સલા. એ જે રીતે પોતાના ભાઈ ઈમામ હુસૈન અ.સ.ની અત્યાચાર પિડીત અવસ્થાનો પ્રચાર કરબલાથી કૂફા અને સિરીયા સુધી કર્યો હતો તે જ રીતે આપે પણ પોતાના ભાઈ ઈમામ રિઝા અ.સ.ની દારૂણ પરિસ્થિતિથી મોઅમેનીન અને મુસલમાનોને વાકેફ કરવાનો બેડો ઝડપી લીધો અને બની અબ્બાસના શાસન પ્રત્યે પોતાના અને અહલેબૈતે અત્હાર અ.સ.ની તદ્દન સ્પષ્ટ નારાજગી અને વિરોધનું પ્રદર્શન કર્યું.

આપના સહપ્રવાસીઓમાં શાસકો (બની અબ્બાસ) તરફ નિયુક્ત કરવામાં આવેલાં અને આપના વિરોધીઓ હોય તેવા કેટલાંક લોકો પણ સામેલ થઈ ગયાં હતાં.

આ કાફલો જ્યારે “સાવહ” નામના નગર પાસે પહોંચ્યો ત્યારે આ લોકોએ આપ સલા.ના માર્ગમાં અવરોધ ઉભો કરી દીધો અને આપની સાથે યુધ્ધ કર્યું, તેના પરિણામે આપ સલા.ની સાથે હતાં તે સઘળા પુરૂષો શહીદ થઈ ગયાં અને એક કથન પ્રમાણે આપ સલા.ને પણ ઝેર આપવામાં આવ્યું હતું.

આ મુસીબતના દુઃખને પરિણામે અથવા આપને અત્યાચારીઓએ ઝેર આપ્યું હતું તેના પરિણામે હઝરત ફાતિમા માઅસૂમા સલા. બીમાર પડી ગયાં અને ખુરાસાન સુધી પહોંચી શકશે તેવી શક્યતા ન જણાતાં “કુમ” નામના નગર પ્રતિ પ્રયાણ કરવાની ઇચ્છા પ્રગટ કરી. પુછ્યું અહિયાં “સાવહ”થી “કુમ”નું અંતર કેટલું છે? જવાબ આપવામાં આવ્યો ત્યારે આપે કહ્યું કે મને “કુમ” લઈ જાવ કેમકે મેં મારા પરમ પુજ્ય પિતાશ્રીથી સાંભળ્યું છે કે “કુમ” અમારા શીઆઓ (ચાહવાવાળાઓ)નો ગઢ છે.

જ્યારે કુમના વડીલ આગેવાનોએ આ શુભ સમાચાર સાંભળ્યાં તો આપના સ્વાગત માટે દોડી પડયાં અને આપ સલા.ને કુમ શહેરમાં એવી રીતે પ્રવેશ કરાવ્યો કે “મૂસા બિન ખઝરજ” કે જેઓ “અશ્અરી” કબીલાના વડીલ હતાં. તેઓ હઝરત માઅસૂમા સલા.ના ઊંટની લગામ પોતાના ખભે મૂકીને ખેંચી રહ્યાં હતાં અને પગે ચાલતાં અને ઘોડે સવાર - ઊંટ સવાર અન્ય લોકો આપના ઊંટને ઘેરીને ચાલતાં હતાં. અંદાજે ૨૩ રબીઉલ અવ્વલ હિ.સ. ૨૦૧ના દિવસે આપ સલા.એ કુમ શહેરમાં પ્રવેશ કર્યો હતો. આજે જ્યાં “મૈદાને મીર” છે તે જગ્યાએ “મૂસા બિન ખઝરજ”ના ઘરની સામે પોતાના ઊંટને રોકી લીધો.

આમ મૂસા બિન ખઝરજને આપ સલા.ના આતિથ્યનું સદભાગ્ય પ્રાપ્ત થયું.

કુમમાં હઝરત માઅસૂમા સલા. જે જગ્યાએ ઈબાદત કરતાં હતાં તે સ્થળ “સિત્તીયાહ મદ્રેસા”માં “બયતુન્નૂર”ના નામે પ્રખ્યાત છે અને આજે પણ લોકો માટે દર્શનનું સ્થળ (ઝિયારતગાહ) છે.

છેવટે પોતાના ભાઈના દર્શનની આશા પોતાના મનમાં લઈને ૧૦ રબીઉસ્સાની હિ.સ. ૨૦૧ના દિવસે પરદેશમાં જ આપનું અવસાન થઈ ગયું. આજે આપ સલા. દફન છે અને આ સ્થળ તે વખતે “બાગે બાબેલાન” તરીકે ઓળખાતું હતું ત્યાં આપ સલા.ને દફન કરવાનું નક્કી થયું અને કુમના લોકો ખૂબ જ શોકાતૂર થઈ અને સંપૂર્ણ આદર સાથે આપના જનાઝાને તે સ્થળે લઈ આવ્યાં.

જ્યારે કબર તૈયાર થઈ ગઈ ત્યારે આપ સલા.ના પવિત્ર પાર્થિવ શરીરને કબરમાં કોણ ઉતારે તેની સમસ્યા ઉભી થઈ; અચાનક કિબ્લાની દિશામાંથી બે સવાર પ્રગટ થયાં બંનેના મુખારવિન્દ ઢાંકેલાં હતાં અને નમાઝ (નમાઝે જનાઝા) પઢયા પછી તેઓ પૈકીના એક કબરમાં ઉતર્યા અને બીજાએ એ પવિત્ર પાર્થિવ શરીરને પોતાના હાથોમાં ઉચકીને તેમના હાથોમાં મૂકી દીધું કે દફન કરી દે અને તે બંને સવારો અંતિમ વિધી પતાવીને કોઈની સાથે વાત કર્યા વગર જ પોતાના ઘોડાઓ ઉપર આરૂઢ થઈને ત્યાંથી ચાલ્યાં ગયાં.

કેટલાંક વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે આ બંને પવિત્ર હસ્તીઓ ખુદાના બે હુજ્જત- હઝરત ઈમામ રિઝા અ.સ. અને હઝરત ઈમામ જવાદ અ.સ. હતાં કેમકે દીનના મહાન “અવલિયા”ની દફન વિધી “અવલિયાએ ઈલાહી’ના હસ્તે જ થાય છે.

હઝરતે માઅસૂમા સલા.ની દફન વિધિ પછી મૂસા બિન ખઝરજએ ટાટ (શંણના કોથળા અથવા સાદડી)થી કબર ઉપર છાંયડાની વ્યવસ્થા કરી દીધી અને તે પછી ઈમામ જવાદ અ.સ.ના સુપુત્રી હઝરત ઝૈનબ સલા. એ સને હિજરી ૨૫૬માં કબર ઉપર સૌ પ્રથમ ઘુંમ્મટ બંધાવી આપ્યો હતો અને આ રીતે આપ સલા.નો રોજો અહલેબૈત અ.સ.ના ચાહકો માટે પુજનીય સ્થળ અને વિલાયત અને ઈમામતના પ્રેમીઓ માટે શિફા મેળવવા માટેનું સ્થળ બની ગયો છે.

હે ખુદા! અમને પણ હઝરત માઅસૂમા સલામુલ્લાહ અલૈયહાના પવિત્ર રોજાના દર્શન (ઝિયારત) કરાવજે !!! (આમીન)



# ઈમામ રિઝા અ.સ.નુ
## સંક્ષિપ્ત જીવન વૃત્તાંત

નામઃ અલી, વંશવાચક નામ (કુનીયત): અબુલ હસન (ઈમામ મૂસા કાઝિમ અ.સ.નું વંશવાચક નામ પણ અબુલ હસન હોવાથી ઈમામ રિઝા અ.સ.ને ‘‘અબુલ હસને સાની’’ કહેવામાં આવે છે.)

વિશેષ નામોઃ રિઝા, સાબિર, રઝી, વફી, ફાઝિલ, સિદીક, શમ્સુશ્શમૂસ, ગરીબુલ ગુરબા વિગેરે.

આ વિશેષ નામોમાં ‘‘રિઝા’’ લકબ સૌથી વધારે પ્રખ્યાત છે; એનું કારણ એ છે કે આકાશમાં આપ અલ્લાહના પ્રિયપાત્ર અને પૃથ્વી ઉપર રસૂલે ખુદા સ.અ.વ. અને અઈમ્મએ અત્હાર અ.સ. માટે પ્રસન્નતાનું કારણ હતાં અને આપના તમામ મિત્રો એટલે સુધી કે શત્રુઓ પણ આપનાથી રાજી (સહમત) રહેતાં હતાં તેથી આપને ‘‘રિઝા’’ કહેવામાં આવે છે.

મહાન સ્થાનઃ આપ દસમાં માઅસૂમ અને આઠમા ઈમામના મહાન સ્થાને બિરાજમાન થયાં છે અને દુન્યાની રીતે પણ આપ મામૂન અબ્બાસીના ત્રણ વરસ માટે ઉત્તરાધિકારી પણ રહ્યાં હતાં.

આપનો પુણ્યશાળી જન્મઃ ૧૧ ઝિલ્કાઅદ સન ૧૪૮ હિજરી.



જન્મ સ્થાનઃ મદીના મુનવ્વરા

પૈતૃક વંશાવલીઃ અલી બિન મૂસા બિન જાઅફર બિન મુહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી બિન અબીતાલિબ અ.સ.

મહાન માતાઃ નજમા. આપના બીજા નામોનું પણ વર્ણન થએલું છે જેમકે તકત્તુમ, અરવી, સકન, ઉમ્મુલ બનીન, શકરા, ખિઝરાન, સમાના, સકર, તાહેરા.

આ અત્યંત વિદ્વાન સન્નારીએ ઈમામ મૂસા કાઝિમ અ.સ.ની મહાન માતાની છત્રછાયામાં પ્રશિક્ષણ મેળવ્યું હતું અને માનવીય પરિપૂર્ણતા અને ઈસ્લામી સદ્વર્તનમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરીને બુધ્ધિચાતુર્ય, ધર્મનિષ્ઠા અને લજ્જાના ગુણોમાં પોતાની સમકાલિન સન્નારીઓમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આપની ઈમામતનો કાર્યકાળઃ પોતાના પુણ્યશાળી પિતા ઈમામ મૂસા કાઝિમ અ.સ.ની શહાદત રજબ સને ૧૮૩ હિજરીથી સન ૨૦૩ હિજરી સુધી એટલે કે વીસ વરસ.

આપ ૩૫ વરસની વયે ઈમામના ઉચ્ચ સ્થાને આરૂઢ થયાં હતાં.

પુણ્યતિથી અને શહાદતનું કારણઃ ૨૩ ઝિલકાઅદ હિ.સ. ૨૦૩ ખુરાસાનમાં મામૂન અબ્બાસીએ આપને ઝેર આપ્યું હતું તેને કારણે આપ શહીદ થયાં હતાં. શહાદતના સમયે આપ અ.સ.ની વય ૫૫ વરસની હતી. કેટલાંક લોકોએ આપની શહાદતના વરસને હિ.સ. ૨૦૫ અને કેટલાંકે હિ.સ. ૨૦૧ પણ જણાવેલ છે.




اللهم صل على علي بن موسى الرضا المرتضى



દફન સ્થળઃ મશહદે મુકદ્દસ, ઈરાન.

આપના પત્નિઓઃ સબીકા અથવા ખૈઝરાન કે જે ઈમામ મુહમ્મદ તકી અ.સ.ના મહાન માતા હતાં અને ઉમ્મે હબીબા (મામૂનની દીકરી)

સંતાનોઃ ઈમામ મુહમ્મદ તકી અ.સ. કે જેઓ પોતાના પુણ્યશાળી પિતાની શહાદત પછી સાત વરસની વયે ઈમામતના મહાન દરજ્જા ઉપર આરૂઢ થયાં હતાં.

શીઆ વિદ્વાનોએ આપના સંતાનોમાં ફકત ઈમામ મુહમ્મદ તકી અ.સ.નો જ આપના પુત્ર તરીકે ઉલ્લેખ કર્યો છે પરંતુ અન્ય કેટલાંક સ્ત્રોતોમાં અન્ય સંતાનોના પણ આ પ્રમાણે ઉલ્લેખ છેઃ ૨. અબૂ મુહમ્મદ હસન, ૩. જાઅફર, ૪. ઈબ્રાહીમ, ૫. હસન, ૬. આયશા અને ૭. ફાતિમા.

હારૂન રશીદના વંશજોમાં અમીન અને મામૂન વચ્ચે ઉત્તરાધિકારી થવા બાબતે જે યુધ્ધ થયું હતું; યુધ્ધનું પલડું પોતાના તરફેણમાં કરવા માટે અને વિજય પ્રાપ્તિના આશયથી મામૂને સને હિજરી ૨૦૧માં બળજબરી અને દુરાગ્રહ અને ધાક-ધમકીથી ઈમામ રિઝા અ.સ.ને પોતાના ઉત્તરાધિકારી ઘોષિત કરી દીધાં હતાં. દેખાવમાં અને જાહેરમાં મામૂન ઈમામ રિઝા અ.સ.ને આદર આપતો હતો અને બીજા ઉપર પ્રાધાન્ય આપતો હતો પરંતુ અંદરખાને આપની વિદ્વતા અને આપની લોકપ્રિયતાને કારણે આપની સાથે ઈર્ષા અને વેરભાવ ધરાવતો હતો અને તેથી

છેવટે ઝેર આપીને આપ અ.સ.ને શહીદ કરી દીધા.

અગત્યનો ઘટના ક્રમ:

૧. હારૂન રશીદની આજ્ઞાથી ઈમામ કાઝિમ અ.સ.ને બંદી બનાવ્વું અને દગાબાજીથી ઝેર આપીને શહીદ કરવું.




૨. મામૂન - અમીન અને હારૂન રશીદના સંતાનો વચ્ચે શાસનની ધુરા હસ્તગત કરવાની બાબતે ભયંકર યુધ્ધ અને મામૂનની માનતા કે જો તે અમીન ઉપર વિજય મેળવશે તો અબી તાલિબના વંશજોમાંથી સર્વશ્રેષ્ઠ વ્યક્તિને પોતાનો ઉત્તરાધિકારી બનાવી ખિલાફત સોંપી દેશે.

૩. અમીન ઉપર મામૂનનો વિજય, સામ્રાજ્યનો વિસ્તાર, દેખાવ પૂરતી પોતાની કસમ પૂરી કરવી.

૪. હિજરી સન ૨૦૦માં મામૂને ઈમામ રિઝા અ.સ.ને મદીનાથી ખુરાસાન આવી જવાની વિનંતી.

૫. ઈમામ રિઝા અ.સ.નું મદીનાથી પ્રયાણ અને બસરા, બગદાદ, કુમ, નેશાપૂર વિગેરે શહેરોમાંથી પસાર થઈ મામૂનની રાજધાની ''મરવ'' આવી જવું.



૬. આ જુદા-જુદા શહેરોમાં મુસલમાનો દ્વારા ઈમામ રિઝા અ.સ.નો અભૂતપૂર્વ સત્કાર અને અનેક સ્થળે આપની કરામતો અને મોઅજિઝાઓનું જાહેર થવું.

૭. મામૂન દ્વારા ઈમામ રિઝા અ.સ.નું ભવ્ય સ્વાગત અને અલવિયો અને અબ્બાસીઓ કરતાં આપને પ્રાધાન્ય આપવું.

૮. મામૂન દ્વારા ઈમામ રિઝા અ.સ.ને પોતાના ઉત્તરાધિકારી તરીકેની દરખાસ્ત અને છેવટે બળજબરીના પરિણામ સ્વરૂપે હિજરી ૨૦૧માં ઈમામ અલી અ.સ. દ્વારા શરતી રીતે ઉત્તરાધિકારી પદનો સ્વીકાર.

૯. ઈમામ રિઝા અ.સ.ના નામનો સિક્કો જારી કરવો અને આપના નામે મિમ્બરો અને સભાઓમાં ખુત્બો પઢવો અને જુદા જુદા ઈસ્લામી શહેરોમાં આપની મહાનતાનો મામૂનની આજ્ઞાથી પ્રચાર.

૧૦. મામૂનની દીકરી સાથે ઈમામ રિઝા અ.સ.ના લગ્ન. મામૂન અબ્બાસી દ્વારા ઈમામ મુહમ્મદ તકી અ.સ. સાથે ઉમ્મુલ ફઝલના લગ્ન નક્કી થવા.

૧૧. અન્ય ધર્મો (ખ્રિસ્તીઓ, યહૂદી, સાબઈ અને ઝરદુસ્તી)ના વિદ્વાનો સાથે ઈમામ રિઝા અ.સ.ના વાદ-વિવાદની સભાઓનું આયોજન.

૧૨. ઈમામ રિઝા અ.સ.ની સૂચનાથી મામૂનનું પોતાના પાટનગરને ‘‘મરવ’’થી ‘‘બગદાદ’’ લઈ જવું.

૧૩. મામૂનની આજ્ઞાથી ઈમામ રિઝા અ.સ.ને ઝેર આપવું અને ૨૩ ઝિલ્કાઅદ હિ.સ. ૨૦૩ના દિવસે આપ અ.સ.ની શહાદત.

૧૪. ઈમામ રિઝા અ.સ.ની શહાદતને લીધે દેખાવ પુરતો મામૂનનો શોક મનાવવો અને સનાબાદ નામની જગ્યાએ હારૂન રશીદ પાસે આપ અ.સ.ને દફન કરાવવું જે સ્થળ હવે ‘‘મશહદે મુકદસ’’ તરીકે પ્રખ્યાત છે.



# આપણાં નબી સ.અ.વ.ના સદ્ચારિત્રના દ્રષ્ટાંતો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## અહલેબૈત અ.સ.ની વીરતાઃ

તોહફુલ ઉકૂલમાં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કેઃ "અમો- અહલેબૈત (અ.સ.)ની વીરતા એ છે કે જેણે અમારા ઉપર અત્યાચાર કર્યો હોય તેને (પણ) અમો ક્ષમા પ્રદાન કરીએ છીએ અને જે અમોને વંચિત રાખે છે તેના ઉપર પણ અમે ઉપકાર કરીએ છીએ." (તોહફુલ ઉકુલ, પા ૪૮)

## આપ હઝરત સ.અ.વ.ની સદ્ચારિત્ર અંગેની દુઆઃ

મેહજતુલ-બૈઝાઅમાં લખેલું છે કે આપ હઝરત સ.અ.વ. ખુદાની બારગાહમાં અત્યંત આજીજીપૂર્વક અને રૂદન કરતાં કરતાં દુઆ કરતાં રહેતાં હતાં કે અલ્લાહ તેમને સદ્વર્તન અને સર્વોત્તમ શિષ્ટાચારથી શણગારી દે અને દુઆ કરતાં હતાં કે હે ખુદા! મને ભૂંડા વર્તનથી દૂર રાખ, હે ખુદા! મને સદાચારી અને સર્વોત્તમ શિષ્ટાચાર દાખવનાર બનાવી દે. (મેહજતુલ-બૈઝાઅ, પા ૪૧૧૯)

## દરિદ્રો સાથે પ્રેમઃ

કાફીમાં આપ સ.અ.વ. થી રિવાયત છે કેઃ "મારા પરવરદિગારે મને એવી આજ્ઞા આપી છે કે હું મુસલમાન દરિદ્રો સાથે પ્રેમ કરૂં." (અલ-કાફી, પા ૮)

## સદ્ચારિત્ર અને સર્વોત્તમ શિષ્ટાચાર- અંબિયા અ.સ.નો ગુણઃ

ઈર્શાદે દૈલમી (રહ.)માં હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.થી રિવાયત છે કેઃ "ધૈર્ય, સત્યવકતાપણું, સહનશીલતા અને સારો શિષ્ટાચાર આ સઘળા અંબિયા અ.સ.ના ગુણો પૈકી છે." (ઈર્શાદુલ કુલૂબ, પા ૧૩૩)

## દુર્વ્યવહારનું પરિણામઃ

મજાલિસે સદૂક (રહ.)માં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કેઃ "જિબ્રઈલ અ.સ. ખુદાનો સંદેશો લઈને મારી પાસે આવ્યાં અને ફરમાવ્યું (ખુદાએ કહેવડાવ્યું છે કે) હે મુહમ્મદ (સ.અ.વ.)! આપ (લોકો સાથે) સદ્વર્તન કરજો કેમકે દુર્વ્યવહારથી દુન્યા અને આખેરતની ભલાઈ નષ્ટ પામે છે." પછી આપ સ.અ.વ. એ ફરમાવ્યુંઃ "તમો પૈકી એ વ્યક્તિ સૌથી કરતાં વધારે મારી સાથે સામ્યતા ધરાવે છે કે જે સદ્વ્યવહારમાં સર્વોત્તમ હોય." (અમાલિયે સદૂક, પા ૨૨૩)

# ખાદ્ય પદાર્થો અને તેના ગુણધર્મો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)



## સાકરટેટી

નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે સાકરટેટી ખાઓ તેમાં દસ ગુણ છેઃ

૧. સ્વયં ભોજન છે.

૨. તેમાં (વિપુલ માત્રામાં) પાણી છે.

૩. શરીરને (આંતરિક રીતે) સાફ કરે છે.

૪. સુગંધ પેદા કરે છે.

૫. મુત્રપિંડ (કિડની)ને સાફ કરે છે.

૬. જઠરને સ્વચ્છ કરે છે.

૭. શારિરીક શક્તિમાં વૃધ્ધિ કરે છે.

૮. ત્વચાને નિખારે છે.



૯. વિર્યમાં વૃધ્ધિ કરે છે.

૧૦.શરદી અને સળેખમને દૂર કરે છે.

(તિબ્બુન્નબી સ.અ.વ., પાન નં ૮)



# જનાબ લુકમાનની શિખામણો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## લાભઃ

હે મારા પુત્ર! જો બાળપણમાં જ તમે સંસ્કાર સિંચન કરી લીધું હશે તો જ તમો મોટા થઈને તેનો લાભ મેળવી શકશો. (બિહારૂલ અનવાર, ભાગ ૧૩, પાન નં ૪૧૯, હદીસ ૧૩)

## અનાથઃ

હે મારા પુત્ર! અનાથોની સંપત્તિ પચાવી પાડતાં નહીં, તેનાથી કયામતના દિવસે તમે અપમાનિત થશો અને તે પચાવી પાડેલ સંપત્તિ તેમને પાછી આપવા માટે વિવશ થઈ જશો. (દેખીતું છે કે કયામતમાં કોઈ વ્યક્તિ સંપત્તિ કેવી રીતે પાછી આપી શકશે? તેથી તે દિવસે તો મનુષ્યે પોતાના સદ્કાર્યો પરત કરીને બદલો ચૂકવવો પડશે. અથવા તે અનાથના પાપ-દુરાચારની સજા પોતે ભોગવવા તૈયાર રહેવું પડશે.) (બિહારૂલ અનવાર, ભાગ ૧૩, પાન નં ૪૩૦, હદીસ ૨૩)

# તાલૂતના સૈનિકોની દુઆ

"ربّنا اَفرِغ علينا صبراً و ثبِّت اَقدامَنا وَانصُرنا علىٰ القَومِ الكافِرِينَ"

‘‘રબ્બના અફરિગ અલય્ના સબરવં-વ- સબ્બિત અકદામના વન્સુરના અલલ કૌમિલ કાફેરીન.’’ (સૂરએ બકરહ, આયત ૨૫૦)

હઝરત મૂસા અ.સ. પછી બની ઈસ્રાઈલે તેમની ટેવો પ્રમાણે શરારતો શરૂ કરી દીધી. તેથી ખુદાએ તેમના ઉપર જાલૂત જેવો અત્યાચારી સમ્રાટ ઠોકી બેસાડયો અને તેણે અત્યાચારોની હદ વટાવી દીધી; ત્યારે તે લોકોએ તે યુગના પયગમ્બર જનાબ સમૂઈલ અ.સ. સમક્ષ ફરિયાદ કરી કે આપ કોઈ સેનાપતિ નિયુક્ત કરી આપો કે જેની આગેવાની હેઠળ જાલૂત સાથે યુધ્ધ કરવામાં આવે.

તેઓએ પરવરદિગારની આજ્ઞા પ્રમાણે તાલૂતને નિયુક્ત કરી આપ્યો. બની ઈસ્રાઈલે તો પોતાની ટેવ પ્રમાણે વાંધા-વચકા કાઢવાનું શરૂ કરી દીધું અને કહ્યું કે આ તો ધનાઢય નથી. જનાબ સમૂઈલ અ.સ. એ તેના જ્ઞાન અને શુરવીરતાના વખાણ કર્યા અને તાલૂત ખુદાનો પ્રતિનિધી છે તે સમજાવવા “તાબૂતે સકીના” પ્રગટ થએલ હોવાની વાત જણાવી ત્યારે ખૂબ મુશ્કેલીથી તે લોકોએ દેખીતી રીતે તો આ વાત સ્વીકારી લીધી.

આ તાલૂતની આગેવાની હેઠળ તેના સૈનિકો તરીકે જ્યારે જાલૂત અને તેના સૈન્ય સાથે યુધ્ધ કરવા જવા લાગ્યાં ત્યારે તેમણે ખુદાની બારગાહમાં દુઆ ગુજારી કેઃ "રબ્બના અફરિગ અલૈય્ના સબરવં-વ- સબ્બિત અકદામના વન્સુરના અલલ કૌમિલ કાફેરીન." અર્થાતઃ હે અમારા પરવરદિગાર! તું અમોને (અસાધારણ) ધૈર્ય અર્પણ કર, અમોને (યુધ્ધમાં) અડિખમ બનાવી દે અને વિધર્મીઓ (કાફરો) સાથેના યુધ્ધમાં અમારી સહાયતા કર.



તે લોકોની દુઆ કબૂલ થઈ અને અલ્લાહની સહાયતાને લીધે તેઓએ જાલૂતના સૈન્યને પરાસ્ત કરી દીધું.

નોંધઃ- તાબૂતે સકીના અર્થાત એ પેટી અથવા ટોકરી કે જેમાં મૂસા અ.સ.ના માતાએ જનાબ મૂસા અ.સ.ને તેમના જન્મ પછી મૂકીને નદીમાં વહેતી મૂકી દીધી હતી.



# પિતાનું પીઠબળ

એક વખત એક પિતાએ પોતાના પુત્રના ખભે હાથ મૂકીને પુછ્યુંઃ ‘‘દિકરા! તું વધારે બળવાન છે કે હું?’’

દિકરાએ કહ્યુંઃ ‘‘પિતાજી-હું!’’

પિતાએ બીજી વખત ઉંચા સાદે દિકરાના ખભે હાથ મૂકીને પુછ્યુંઃ ‘‘કહે, હું વધારે બળવાન છું કે તું?’’

પુત્રે કહ્યુંઃ ‘‘પિતાજી! હું જ વધારે બળવાન છું.’’

આ સાંભળીને બાપ ક્રોધિત થઈ ગયો. દિકરાની પાસેથી ખસી ગયો અને તેની સામે ઉભા રહીને ક્રોધિત થઈને પુછ્યુંઃ

‘‘ફરી કહે કે હું વધારે બળવાન છું કે તું?’’





આ વખતે દિકરાએ કહ્યુંઃ ''પિતાજી! આપ જ વધારે બળવાન છો!''

આ જવાબ સાંભળીને પિતાએ કહ્યુંઃ ''કેમ! હું ક્રોધિત થઈ ગયો તો બુધ્ધિ ઠેકાણે આવી ગઈ અને કહેવા લાગ્યો કે હું જ વધારે બળવાન છું!''

દિકરાએ કહ્યુંઃ ''ના પિતાજી! એવું નથી!! પરંતુ હકીકત એ છે કે પ્રથમ બે વખત આપે જ્યારે મને પુછ્યું કે કોણ વધારે બળવાન છે ત્યારે આપનો બળવાન હાથ મારા ખભા ઉપર હતો અને મને પીઠબળ પુરું પાડતો હતો તેથી મેં કહ્યું કે હું બળવાન છું; પરંતુ ત્રીજી વખત આપે મારા ખભા ઉપરથી હાથ હટાવી લઈને અને મારાથી દૂર ઉભા રહીને પુછ્યું હતું ત્યારે આપનો બળવાન હાથ મારા ખભા ઉપર નહોતો અને આપના બળવાન હાથના પીઠબળથી હું વંચિત થઈ ગયો હતો તેથી મેં કહ્યું કે આપ જ વધારે બળવાન છો!!!''

# કબરની ફરિયાદ

નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે કબર હમેશાં આપણને પાંચ બાબતોની ફરિયાદ (સાવચેત) કરે છેઃ

૧

હે મનુષ્યો! તમે મારી પીઠ (પૃથ્વી) ઉપર ચાલી તો રહ્યા છો પરંતુ એક દિવસ તમારે મારા અંદર જ આવવાનું છે.

૨

હે મનુષ્યો! મારી પીઠ ઉપર તો તમો ખૂબ જ પ્રસન્ન છો પરંતુ મારા અંદર આવીને તમો દુઃખી થઈ જશો.

## 3

હે મનુષ્યો! મારી પીઠ ઉપર તો તમો
પાપ કરો છો પરંતુ મારા અંદર આવશો
તો તમને (તેનો બદલો) અઝાબ મળશે.

## ૪

હે મનુષ્યો! મારી તો તમે હંસી- ઠઠ્ઠો
ઉડાવો છો પરંતુ મારા અંદર આવશો
ત્યારે રડશો.

## ૫

હે મનુષ્યો! મારી પીઠ ઉપર તો તમો
ખૂબ હરામ ખાઓ છો પરંતુ જ્યારે તમો
મારા અંદર આવશો તો તમો પોતે જ
કીડા-મકોડાનો ખોરાક બની જશો.

# બાળ રોઝેદાર

બાળ રોઝેદાર



ચારાનીયા અબ્બાસ (રાજુલા) રોઝા ૨, ઉંમર ૭



મોહમ્મદ અબ્બાસ રૂપાણી (રાજુલા)



જાબિર અલી ભોજાણી (રાજુલા)



ગાઝી અબ્બાસ રાજાણી (રાજુલા)



મોહમ્મદ ઝૈગમ રાજાણી (રાજુલા)



અલી અસગર ભોજાણી (રાજુલા)



મીઝાન અલી ભોજાણી (રાજુલા)



અલી અસગર કમાણી (રાજુલા)



# જુઓ અને ચિત્ર બનાવો





Publish 10th Every Month, RNI No: GUJGUJ/2015/59960 ૩/. ૩૦
Registered under Postel Registration No: AHD-C/51/2015-2018 valid up to 31th December 2018
Issued by the SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 10th of every month
Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD - 382 440




PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN

